# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર


શનિવાર ૬ ડિસેમ્બર, ૨૦૨૫




**ખેડામાં દબાણો પર માર્ગ મકાન વિભાગની ‘સર્જિકલ સ્ટ્રાઈક’ છતાં નગરપાલિકા દ્વારા કોઇ કાર્યવાહી ન કરાતાં પ્રજામાં આશ્ચર્ય જન્મ્યું**

# ખેડામાં દબાણ મામલે નગરપાલિકા નિષ્ક્રિય!

**ખેડા** નગરપાલિકાના રાજકીય ગ્રહણથી સામાન્ય પ્રજા પરેશાન







તસવીર: પ્રગ્નેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા તા.5

ખેડા નગરપાલિકાના દબાણો પરનું રાજકીય ગ્રહણ ક્યારે દૂર થશે ? તે એક મોટો સવાલ છે. જ્યારે રાજ્ય સરકાર સરકારી જમીનોના અને ટ્રાફિકને અડચણરૂપ દબાણોમાં કોઈ કસર છોડવા માંગતી નથી. પરંતુ ખેડા નગરપાલિકા નગરજનોની હાલાકીને લઈ કોઈ જવાબદારી નિભાવી રહી ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

ખેડા જિલ્લા માર્ગ મકાન વિભાગે ખેડા ચોકડી પોલીસ સ્ટેશન સુધીના દબાણો હટાવવાની કાર્યવાહી શરૂ કરતા લોકોમાં આનંદની લાગણી જોવા મળી છે. વિભાગે કાર્યવાહીના એક દિવસ અગાઉ લોકોને નોટિસ આપી હતી અને પોલીસની હાજરીમાં રૂબરૂ જઈને અડચણરૂપ ધંધા ખસેડી લેવા માટે જણાવ્યું હતું. આજ સવારથી જ દબાણો ખસેડવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, ખાસ કરીને બસ મથકની આજુબાજુમાં જ્યાં દબાણનો ખડકલો મોટી સંખ્યામાં જોવા મળે છે.

આ અંગે માર્ગ મકાન વિભાગના વર્ક આસિસ્ટન્ટ એમ.એસ. સૈયદે સ્પષ્ટ કર્યું છે કે, તેમની જવાબદારીમાં આવતા વિસ્તારમાં કોઈપણ દબાણકર્તાને રાહત આપવામાં આવશે નહીં. રાજ્ય સરકારની આ મુવમેન્ટ સૂચવે છે કે ખેડા માર્ગ મકાન વિભાગ કાયમી ધોરણે દબાણો ખસેડી લેવા માટે સંકલ્પિત છે.

બીજી તરફ માર્ગ મકાન વિભાગની સક્રિયતા સામે ખેડા નગરપાલિકાની નિષ્ક્રિયતા સ્પષ્ટ દેખાય છે. નગરપાલિકાને નગરના દબાણો દૂર કરવામાં કોઈ દિલચસ્પી નથી. ખેડા નગરપાલિકા પાસે દબાણો માટે કોઈ યોજના કે નક્કર આયોજન નથી. સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પાલિકામાં ચૂંટાયેલા સભ્યોને માત્ર સત્તામાં રસ છે, પરંતુ ખાડે ગયેલી અને આર્થિક નાદારી ભોગવતી પાલિકાના ઉદ્ધાર માટે કોઈ રસ કે દૂરદર્શિતા દેખાતી નથી. માર્ગ મકાન વિભાગની કાર્યવાહી છતાં, કેટલાક વિસ્તારના નાગરિકોનું કહેવું છે કે આ માત્ર દેખાડા અને નાટક જ છે. નાગરિકો માને છે કે બે દિવસમાં ફરી દબાણવાળા રોડ ઉપર આવી જશે, અને અવરજવર માટે મોકળું વાતાવરણ કાયમી ધોરણે ખડું થાય તેવું જણાતું નથી. અલબત્ત, માર્ગ મકાન વિભાગ હાલ દબાણો પર કડક કાર્યવાહી કરી રહ્યું છે.

---

**માતર તાલુકાના સોખડા ભાટા વિસ્તારમાં ખાણ - ખનિજ વિભાગની કાર્યવાહી**

# સોખડામાં ગેરકાયદે ખનન કરતાં જેસીબી અને 3 ડમ્પર જપ્ત કરાયાં

**જપ્ત કરાયેલા** વાહનોને માતર પોલીસ સ્ટેશન ખાતે લાવવામાં આવ્યાં



(પ્રતિનિધિ) નડિયાદ, તા.5

ખેડા જિલ્લાના માતર તાલુકાના સોખડા ભાટા વિસ્તારમાં ભૂસ્તર વિભાગ દ્વારા ગેરકાયદે ખનન પ્રવૃત્તિઓ પર આકરો દરોડો પાડવામાં આવ્યો છે. વિભાગની આ કાર્યવાહીથી ગેરકાયદેસર ખનન કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. રેડ દરમિયાન, ગેરકાયદે ખનીજ ચોરી અને વહન માટે ઉપયોગમાં લેવાતા 3 ડમ્પર અને 1 જેસીબીને ખાણ ખનીજ વિભાગ દ્વારા સ્થળ પરથી જપ્ત કરવામાં આવ્યા છે. ખેડા જિલ્લામાં ગેરકાયદે ખનન પર ભૂસ્તર વિભાગનો સકંજો કસ્યો છે.

ખેડા જિલ્લામાં કેટલાય સમયથી ગેરકાયદે ખનનની પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ ફરિયાદોના આધારે, ખાણ અને ખનીજ વિભાગ દ્વારા એક સઘન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. આ ડ્રાઈવના ભાગરૂપે, માતર નજીકના સોખડા ભાટા વિસ્તાર પર ખાણ ખનીજ વિભાગની ટીમે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ રેડમાં, વિભાગની ટીમે ખનન પ્રવૃત્તિમાં સક્રિય રહેલા 3 ડમ્પર ટ્રક અને 1 ખોદકામ માટેનું એક્સેવેટર મશીન મળીને કુલ 4 મોટા વાહનો કબજે કર્યા હતા. આ વાહનોનો ઉપયોગ ગેરકાયદેસર રીતે ખનીજનું ઉત્ખનન અને વહન કરવા માટે થઈ રહ્યો હતો.

ખાણ ખનીજ વિભાગે સ્થળ પરથી આ તમામ વાહનોને જપ્ત કરી લીધા હતા. જપ્ત કરાયેલા તમામ વાહનોને કાયદેસરની કાર્યવાહી આગળ વધારવા માટે માતર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા હતા. વિભાગ દ્વારા પકડાયેલા વાહનોના માલિકો અને આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા અન્ય શખ્સો વિરુદ્ધ કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

---

## ડાકોરમાં ડમ્પરે વૃદ્ધને કચડતાં મોત

(પ્રતિનિધિ) ડાકોર, તા.5

ઠાસરાના રખીયાલ મોટી ખડકીના રહેવાસી ગોવિંદભાઈ લક્ષ્મીદાસ પટેલ (ઉ.વ.78) સાયકલ લઈને પુનમ નિમીત્તે ડાકોર રણછોડરાયજી મંદિર દર્શનાર્થે જવા નીકળ્યાં હતા. તેઓ રોણિયા રેલવે ફાટક બંધ હોવાને કારણે સાયકલ લઈને ઉભા હતા. જોકે, ફાટક ખુલતા તેમની પાછળ રહેલા ડમ્પર ચાલકની બેદરકારીથી ગોવિંદભાઈ અને સાયકલ પર ફરી વળ્યું હતું. આ અકસ્માત થતાં ડમ્પર ચાલક ફરાર થઈ ગયો હતો. બીજી તરફ એકઠા થયેલા લોકોએ ગંભીર ઈજાગ્રસ્ત થયેલા ગોવિંદભાઈને સારવાર અર્થે નડીયાદ સીવીલ હોસ્પિટલ રીફર કર્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે ગોવિંદભાઈ પટેલને મૃત્યુ પામેલા જાહેર કર્યાં હતાં. આ અંગે વિજયકુમાર પટેલે ડમ્પર નં.જીજે18એએક્સ7373 ના ચાલક સામે રેલવે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી હતી.

---

# ખંભાતમાં યુવતીના ફોટા મોર્ફ કરી ખંડણી માંગતા શખસની ધરપકડ

**ફોટા** મોર્ફ કરવા ઉપરાંત નકલી ન્યૂઝ કટિંગ પણ બનાવી બ્લેકમેઇલીંગ કરવા કોશિષ કરી હતી

(પ્રતિનિધિ) આણંદ તા.20

ખંભાતમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં એક શખસે સમગ્ર પરિવારના સભ્યોના ફોટાનો દુરુપયોગ કરીને બ્લેકમેઈલ કરી ખંડણી માંગી હોવાની વિગતો બહાર આવી છે. આ શખસે પતિ, પત્ની અને તેમની દીકરી અને મિત્રના ફોટાનો ઉપયોગ કરીને ન્યુઝ પેપરનું ખોટું કટીંગ તૈયાર કર્યું હતું. એટલું જ નહીં, આ નકલી કટીંગ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ ફોરવર્ડ પણ કર્યું હતું. આ ઉપરાંત ફોટા મોર્ફ કરી લાખો રૂપિયાની ખંડણી માંગી હતી. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

ખંભાતના શખસે યુવતી અને તેના મિત્રના મોર્ફ કરેલા ફોટા સંબંધીઓના સરનામે પોસ્ટ કર્યાં હતાં. આ શખસે પરિવારની દીકરી અને તેમના મિત્રના ફોટાઓનું એડિટિંગ અને મોર્ફિંગ કરીને બિભત્સ ફોટા બનાવ્યાં હતાં. આ ફોટાઓ સોશ્યલ મિડિયામાં વાયરલ જ નહોતા કરાયા, પરંતુ પોસ્ટ કવરમાં પેક કરીને પરિવારના ઘરના સરનામે તથા તેમના સગા - સંબંધીઓના સરનામે પણ પોસ્ટ મારફતે મોકલી આપ્યાં હતાં. આ સમગ્ર ષડયંત્રના ભાગરૂપે મનીષ મકવાણા નામના શખ્સે ભોગ બનનાર પરિવારનો સંપર્ક કર્યો હતો અને ફોટા વાયરલ ન કરવાના બદલામાં તેણે રૂપિયા એક લાખની રકમની માંગણી કરી હતી. આ ઉપરાંત મનીષ મકવાણાએ સોશ્યલ મિડિયા મારફતે મેસેજ મોકલીને ફોન કર્યો હતો અને ફોટા વાયરલ કરવાની ધમકી આપીને ભોગ બનનાર પરિવારના મિત્ર પાસેથી રૂપિયા બે લાખની મોટી રકમની માંગણી કરી હતી.

આમ, અજાણ્યા શખસે ખોટું ન્યુઝ પેપરનું કટીંગ બનાવીને સોશિયલ મીડિયામાં ફોરવર્ડ કરવા, ફોટાઓ એડિટિંગ અને મોર્ફિંગ કરીને પોસ્ટ દ્વારા મોકલવા અને ફોટા વાયરલ ન કરવા માટે નાણાંની માંગણી કરવા બદલ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી મનીષ મકવાણાની ધરપકડ કરી હતી. આ બનાવથી સમગ્ર ખંભાતમાં ભારે ચકચાર મચી હતી.

---

## આણંદ : સરકીટ હાઉસનો માર્ગ બે મહિના બંધ રહેશે

**વ્હાઇટ** ટોપિંગ રોડ તરીકે ડેવલોપ કરવાનો હોવાથી છઠ્ઠી ફેબ્રુઆરી સુધી સંપૂર્ણ બંધ રહેશે

(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદ શહેરના સરકીટ હાઉસ તરફના રસ્તાને વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આથી, આ રસ્તાને છઠ્ઠી ફેબ્રુઆરી સુધી પ્રતિબંધીત જાહેર કરવામાં આવ્યો હોવાથી તે બંધ કરવામાં આવશે.

આણંદ શહેરની જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા ત્રિભુવન દાસ પટેલ માર્ગને (સર્કિટ હાઉસ રોડ)ને વ્હાઈટ ટોપિંગ રોડ તરીકે ડેવલોપ કરવા આ રોડને તોડી નવીન વ્હાઈટ ટોપિંગ રોડ તરીકે ડેવલોપ કરવા રોડનું આયોજન કરેલ હોય વ્હાઈટ ટોપિંગ રોડ બનાવવાની કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની હોય આ રસ્તો છઠ્ઠી ફેબ્રુઆરી સુધી સંપૂર્ણ પણે બંધ રાખવામાં આવશે.

આથી, જાહેર જનતાની અવરજવર માટે વૈકલ્પિક વ્યવસ્થા માટે અને ભારે વાહનનોની અવર જવર માટે વ્યાયામ શાળાથી ઉત્સવ પાર્ટી પ્લોટ થઈ શાસ્ત્રી મેદાન ચોકડી થઈ ગુરૂદ્વારા સર્કલ સુધીના રસ્તાનો ઉપયોગ કરી શકશે તથા ગણેશ ચોકડી થી અમુલ ડેરી થઈ ગુરુધ્વારા સર્કલ થઈ શાસ્ત્રી મેદાન તરફ જવાના રસ્તાનો ઉપયોગ કરવા જણાવવામાં આવ્યું છે. આ કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નાયબ મ્યુનિસિપલ કમિશ્નર દ્વારા અપીલ કરાઈ છે.

---

**થર્ટીફર્સ્ટ નજીક આવતી જાય છે , તેમ બુટલેગરની સક્રિયા વધતી જાય છે**

# ખેડાના ગોબલજ નજીક 94 લાખનો વિદેશી દારૂ ભરેલી કન્ટેનર પકડાઇ

**સ્ટેટ મોનિટરીંગ** સેલની કાર્યવાહીમાં સવા કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો



(પ્રતિનિધિ) નડિયાદ, તા.5

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં અન્ય રાજ્યમાંથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો ઘુસાડવાના પ્રયાસ પર સ્ટેટ મોનીટરીંગની ટીમે સપાટો બોલાવ્યો છે. SMCની ટીમે આજે, 5/12/2025ના રોજ ખેડા જિલ્લાના ખેડા ટાઉન પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગોબલજ ગામ પાસેથી ટ્રક કન્ટેનરમાં સંતાડીને લાવવામાં આવેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.

ખેડા તાલુકાના ગોબલજ ગામ પાસે ખોડિયાર હોટલના પાર્કિંગમાં SMCના PSI એચ. પી. સોલંકીને તેમની ટીમે સાથે રાખીને પ્રોહિબિશન કબજા બાબતે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન એક ટ્રક કન્ટેનર (નં. RJ 10 GA 9024)માંથી વિદેશી દારૂની કુલ 16188 બોટલો મળી આવી હતી, જેની કિંમત 93,95,820/- રૂપિયા થવા જાય છે. આ દારૂનો જથ્થો પંજાબની યુનાઈટેડ સ્પિરિટ્સ લિમિટેડ, પર્નોડ રિકાર્ડ ઈન્ડિયા પ્રા. લિ., અને મોહન મેકિન લિમિટેડ જેવી ડિસ્ટિલરીઝમાં બનેલો હતો અને તે ફક્ત પંજાબમાં વેચાણ માટેનો હતો. રેડ દરમિયાન પોલીસે 30,00,000/- રૂપિયાની કિંમતનું ટ્રક કન્ટેનર, 200/- રૂપિયાના 2 તાડપત્રી, 780/- રોકડા, 3000/- રૂપિયાનો 1 મોબાઈલ ફોન અને 50/- રૂપિયાનું લોક સહિત કુલ 1,23,99,850/- રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સ્થળ પરથી ભાવરારામ પુરારામ જાટ (રહે. દાનપુરા, જિ. બાડમેર, રાજસ્થાન) નામના એક આરોપીની ધરપકડ કરી તેને ખેડા ટાઉન પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ મોટા ઓપરેશનમાં હરિયાણાનો નરેશ ઉર્ફે અનિલ (ચંદીગઢથી દારૂનો સપ્લાયર), ટ્રક કન્ટેનરનો માલિક, દારૂ ભરેલો ટ્રક ગુરુગ્રામ ખાતે આપનાર અજાણ્યો ડ્રાઈવર, અમદાવાદ રિંગ રોડ પર ટ્રક લેનાર અને પાછો આપનાર બે અજાણ્યા વ્યક્તિઓ તેમજ ગુજરાતમાં દારૂનો ઓર્ડર આપનાર અજાણી વ્યક્તિ સહિત કુલ 6 વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

---

## ખંભાતના હૈદરપુરા નજીક વાહનની ટક્કરે એકનું મોત

(પ્રતિનિધિ) ખંભાત, તા.5

ખંભાત હૈદરપુરા પાટીયા નજીક પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ધસી આવતા અજાણ્યા વાહને મોટરસાયકલને હડફેટે ચડાવી અકસ્માત કર્યો હતો.જેને લઈને મોટરસાયકલ ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયુ હતુ.જયારે મોટરસાયકલ પર સાવાર અન્ય યુવક ગંભીર રીતે ઘાયલ થતા વડોદરા એસએસજી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયો હતો. જે અંગે ખંભાત રૂરલ પોલીસે ફરીયાદ નોંધી હતી.

ખંભાતમાં રહેતા મફતભાઇ કાંતીભાઇ ચૌહાણનો પુત્ર જયદીપ તેના પિતરાઇભાઇ સાથે ફતેપુરા ચોકડી જમવા માટે ગયો હતો..પરંતુ રાત્રે આઠેક વાગે મફતભાઇ પર પુત્રનો અકસ્માત થયેલ હોવાનો ફોન આવ્યો હતો.જેથી પરિવાર ફતેપુરા ચોકડી તરફ જવાના રોડ પર હૈદરપુરા પાટીયાથી આગળ બનાવના સ્થળે પહોચ્યો હતો.. જયા તેઓને કોઇ અજાણ્યા વાહને મોટર સાયકલને હડફેટે લઇ અકસ્માત કર્યો હોવાની વિગતો સાપડી હતી.જેમા મોટર સાયકલ પર સવાર બન્ને ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા.તે સ્થિતિમાં કોઇએ 108 બોલાવી હતી.જેમા 108ના ડોકટરે જયદીપ મફતભાઇ ચૌહાણને મરણ જાહેર કર્યો હતો. જયારે અકસ્માતે ભોગ બનેલ વિપુલને વડોદરા એસએસજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો..

આ અંગે મૃતકના પિતા મફતભાઇ ચૌહાણે અકસ્માત કરનાર અજાણ્યા વાહન ચાલક સામે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

---

# બાળ વૈજ્ઞાનિકો વિકસિત ભારત બનાવવામાં સહયોગી બનશે

**પુરવઠા મંત્રી** રમણભાઈ સોલંકીની હાજરીમાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયુ



(પ્રતિનિધિ) આણંદ તા.5

આણંદના મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ખાતે જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તથા નાણા રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનની મેઈન થીમ વિકસિત અને આત્મ નિર્ભર ભારત રાખવામાં આવી છે. જેમાં ટકાઉ ખેતી, કચરાનું વ્યવસ્થાપન અને પ્લાસ્ટિકના વિકલ્પો, હરિત ઉર્જા- ગ્રીન એનર્જી, વિકસતી અને નવીન ટેકનોલોજી, મનોરંજક સંબંધિત ગણિત મોડેલ, આરોગ્ય અને સ્વચ્છતા તથા જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન જેવા થીમ ઉપર જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજવામાં આવ્યું છે. આ બાળ વૈજ્ઞાનિકો વિકસિત ભારત બનાવવામાં સહયોગી બનશે.

આ ઉપરાંત નાણા, જેલ અને પોલીસ આવાસ વિભાગના રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી નવી નવી શોધ કરી રહી છે. તેના માધ્યમથી દેશ આત્મનિર્ભર બને તે દિશામાં વધુ આગળ વધી રહ્યો છે. આ નાના ભૂલકાઓમાં રહેલી શક્તિઓ દેશ માટે ખૂબ જ ઉપયોગી નીકળશે.

અંતમાં આભાર વિધિ જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીના ટેકનોલોજી ડાયરેક્ટર પીટર દાસજી સાધુએ કરી હતી. આ કાર્યક્રમમાં અનુપમ મિશનના કુલગુરુ રતિકાકા, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઈ સોલંકી, જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિ, જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના આચાર્ય સહિત શિક્ષક ગણ, વિવિધ શાળાના આચાર્ય, શૈક્ષણિક સંઘના પ્રમુખ સહિત વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


**ગુજરાતમિત્ર** તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**